# આણંદ જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટથી પ્રભાવિત પરિવારની મહિલાઓને 21 સિલાઇ મશીનનું વિતરણ



## » નેશનલ હાઇસ્પીડ રેલ કોર્પો. લિ. દ્વારા વિતરણ કરાયું

**નવગુજરાત સમય** > આણંદ

વેગશક્તિ મહિલા કલ્યાણ સંગઠન (વીએમકેએસ) (નેશનલ હાઇસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડની છત્રછાંયા હેઠળની સ્ત્રીઓની સંસ્થા) દ્વારા આણંદ જિલ્લામાં પ્રોજેક્ટથી પ્રભાવિત થયેલા પરિવારોની સ્ત્રીઓને ૨૧ સિલાઇ મશીનો એનાયત કરવામાં આવ્યા હતા.

પ્રોજેક્ટથી પ્રભાવિત થયેલા પરિવારો માટેનાં આવક પુનઃસ્થાપન પ્રોગ્રામ અંતર્ગત, ગ્રામિણ સ્વ રોજગાર તાલીમ સંસ્થાઓ (આરએસઇટીઆઇ) મારફત નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા આણંદ જિલ્લાનાં બોરિયાવી અને સામરખા ગામની સ્ત્રીઓ માટે એક મહિનાનો, મફત 'સિવણ અને દરજીકામ'ના તાલીમ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. બાંધકામ કૌશલ્ય તાલિમ સંસ્થા (સીએસટીઆઇ) સાથે સહયોગમાં બાંધકામ સંબંધિત તાલીમ પ્રોગ્રામ પણ યોજવામાં આવી રહ્યા છે. આજે ૧૮ તાલીમાર્થીઓને તાલીમ પૂર્ણ કર્યા બાદ નોકરી માટેનાં નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

# આણંદ જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટથી પ્રભાવિત પરિવારોની ૨૧ મહિલાઓને સિલાઈ મશીન અપાયાં: ૯ સભ્યોને નોકરીના પત્રો અપાયા

(બ્યુરો) નડીયાદ,તા.૬

આણંદ જિલ્લામાંથી પસાર થતા બુલેટ ટ્રેન પ્રોજેક્ટથી અસરગ્રસ્ત પરિવારોની ૨૧ જેટલી મહિલાઓને આજે પ્રોજેક્ટ અંતર્ગત ચાલતી મહિલાઓની સંસ્થા વેગશક્તિ મહિલા કલ્યાણ સંગઠન દ્વારા વિતરણ કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં અનેક પરિવારો અસરગ્રસ્ત બન્યા છે. આણંદ જિલ્લાના અનેક ગામની સીમમાંથી આ પ્રોજેટ અંતર્ગત અનેક ખેડૂતોની જમીન અને મકાનો કપાતમાં ગયા છે જેને તંત્ર દ્વારા યોગ્ય વળતર પણ ચુકવવામાં આવ્યા છે.



બુલેટ ટ્રેન પ્રોજેકટમાં કામ કરતા અધિકારીઓની પત્ની તેમજ ફરજ બજાવતા મહિલા કર્મચારીઓ દ્વારા વેગશક્તિ મહિલા કલ્યાણ સંગઠનની રચના કરવામાં આવી છે. સંગઠન દ્વારા પ્રોજેક્ટના અસરગ્રસ્ત પરિવારના આવકના પુનઃ સ્થાપન માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. સંગઠન દ્વારા જિલ્લામાં પ્રોજેક્ટથી પ્રભાવિત પરિવારની મહિલાઓને મફત સીવણ અને દરજીકામના તાલીમ વર્ગનું આયોજન કરાયું હતું. બાદ વેગશક્તિ મહિલા કલ્યાણ સંગઠન દ્વારા આજે આયોજીત એક કાર્યક્રમમાં પ્રોજેકટમાં અસરગ્રસ્ત પવિરની ૨૧ જેટલી મહિલાઓને સીલાઈ મશીનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તદઉપરાંત કાર્યક્રમમાં પ્રોજેકટથી અસરગ્રસ્ત પરિવારોના નવ જેટલા વ્યક્તિઓને નોકરીના નિમણૂક પત્રો પણ અપાયા હતા.

સંગઠન દ્વારા અત્યાર સુધી ગુજરાતમાં પ્રોજેકટથી પ્રભાવિત ૨૬૯થી વધુ લોકોને પુનઃ સ્થાપન પ્લાન મુજબ તાલીમ પ્રોગ્રામથી લાભ મળ્યો છે જ્યારે ૧૦૦થી વધુને નોકરી આપવામાં આવી છે.

આણંદ જિ

# બોરીયાવી અને સામરખામાં મહિલાઓ માટે દરજીકામ તાલીમ કાર્યક્રમ

## બુલેટ પ્રોજેક્ટથી પ્રભાવિત પરિવારની સ્ત્રીઓને આત્મનિર્ભર બનાવવા માટે નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિ. દ્વારા ૨૧ સિલાઈ મશીનોનું વિતરણ




## બુલેટ ટ્રેન પ્રોજેક્ટથી અસરગ્રસ્ત પરિવારોનાં તાલીમાર્થીઓને નોકરી માટેનાં નિમણૂક પત્રો એનાયત કરાયા

આણંદ, તા. ૬

વેગશક્તિ મહિલા કલ્યાણ સંગઠન (વીએમકેએસ) (નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડની છત્રછાંયા હેઠળની સ્ત્રીઓની સંસ્થા) દ્વારા આણંદ જિલ્લામાં પ્રોજેક્ટથી પ્રભાવિત થયેલા પરિવારોની સ્ત્રીઓને ૨૧ સિલાઈ મશીનો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રોજેક્ટથી પ્રભાવિત થયેલા પરિવારો માટેનાં આવક પુનઃસ્થાપન પ્રોગ્રામ અંતર્ગત, ગ્રામિણ સ્વ રોજગાર તાલીમ સંસ્થાઓ (આરએસઈટીઆઈ) મારફત નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા આણંદ જિલ્લાનાં બોરિયાવી અને સામરખા ગામની સ્ત્રીઓ માટે એક મહિનાનો, મફત 'સિવણ અને દરજીકામ'ના તાલીમ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોર્સની રચના સ્ત્રીઓમાં કૌશલ્યોનું વર્ધન કરવા માટે અને તેઓને આવકનું નિર્માણ કરવા અને આત્મનિર્ભર બનાવવા માટે સક્ષમ કરવામાં આવી રહી છે.

આ સ્ત્રીઓની આવકનું નિર્માણ કરવામાં મદદરૂપ થવા દીનદયાળ અંત્યોદય યોજના-નેશનલ અર્બલ લાઈવલિહૂડ્સ મિશન (ડીએવાય-એનયુએલએમ) અંતર્ગત બૂધી (બુલટ રૂરલ એન્ડ અર્બન ડેવલપમેન્ટ બાય હોલિસ્ટિક એન્ટરપ્રોન્યુરલ એજ્યુકેશન) નામનું એક સ્વ-મદદ ગ્રુપ પણ આણંદ જિલ્લામાં રજિસ્ટર કરવામાં આવ્યું છે.

એનએચએસઆરસીએલ દ્વારા પ્રોજેક્ટથી પ્રભાવિત થયેલા પરિવારો માટે બાંધકામ કૌશલ્ય તાલીમ સંસ્થા (સીએસટીઆઈ) સાથે સહયોગમાં બાંધકામ સંબંધિત તાલીમ પ્રોગ્રામ પણ યોજવામાં આવી રહ્યા છે અને ૧૮તાલીમાર્થીઓને તાલીમ પૂર્ણ કર્યા બાદ નોકરી માટેનાં નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે એનએચએસઆરસીએલનાં મેનેજીંગ ડાયરેક્ટર અચલ ખરેએ "એનએચએસઆરસીએલની જમીનની અધિગ્રહણની પ્રક્રિયા માત્ર વળતર, આર એન્ડ આર સહાયતા વગેરે પૂરતી મર્યાદિત નથી, પરંતુ પ્રોજેક્ટથી પ્રભાવિત થતા લોકો માટે કૌશલ્ય વિકાસ, આવક પુનઃસ્થાપન માટે તાલીમ સુધારણા અને રોજગારીનાં પુનઃસ્થાપનનો વિકાસ અને આવક નિર્માણની તકોનો પણ સમાવેશ કરે છે. પ્રોજેક્ટથી અસરગ્રસ્ત થતા લોકો ઉપલબ્ધ વિકલ્પોથી સારી રીતે સુચિત હોય અને ભાગ લેવા માટેની પર્યાપ્ત તકો આપવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે વ્યાપક જોડાણો હાથ ધરવામાં આવી રહ્યા હોવાનું કહયું હતું.

આ પ્રસંગે એનએચએસઆરસીએલનાં અધિકારીઓ, ગામના સરપંચ, વેગશક્તિ મહિલા કલ્યાણ સંગઠન (વેએમકેએસ) નાં પ્રમુખ, એનએચએસઆરસીએલનાં વડોદરાનાં સીપીએમ તથા ગ્રામજનો અને મહિલાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.